સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૨૨૨૨૫૫

સલામી સવારની..

તૂટ્યાં તંત્ર પર અખિલેશનો કાબૂ રહ્યો નથી,
ડગુમગુ આ યુપીએ પર મદાર રહ્યો નથી,
રહ્યો નથી મારગ મુલાયમ હશે યાદવોનો -
સપાને હવે મતભેંક પર ભરોસો રહ્યો નથી.
(નિવેદનમાં હતાશા ડોકાઇ)

હાઈકુ

સોગંધ વિધિ!
અપજશ નો હાર
કંટક શય્યા..
(આપ સત્તારૂઢ)

આપ ની ખીરે
નાખી કોઇએ માખી
પ્રથમ ગ્રાસે
(ગેસ ભાવ વધારો)

ચિંતન

વિપ્રો વૃક્ષસ્તસ્ય મૂલં ચ સંધ્યા વેદાઃ શાખા ધર્મકર્માણિ પત્રમ્ ।
તસ્માન્મુલં યત્નતો રક્ષણીયં છિન્ને મૂલે નૈવ શાખા ન પત્રમ્ ॥

ચાણક્ય નીતિ શાસ્ત્રમાં વાત તો 'બ્રાહ્મણ'ના કર્મની કહી છે પણ આજના યુગમાં મૂલ્ય-નિષ્ઠા અને સંસ્કારી જીવન જીવતા બધી જ જ્ઞાતિ-જાતિ-ધર્મોની વ્યક્તિ બધા 'બ્રાહ્મણ' જ છે એ જ સંદર્ભમાં આ શ્લોક સમજવો અને સ્વીકારવો - એનો શાબ્દિક અનુવાદ નીચે મુજબ છે :

'બ્રાહ્મણ એક વૃક્ષ સમાન છે અર્થાત્ ભગવાનની ઉપાસના અને આરાધના એ બ્રાહ્મણરૂપી વૃક્ષની જડો-મૂળ છે વેદ-ઉપનિષદો આ વૃક્ષની શાખાઓ-ડાળીઓ છે, ધર્મ-કર્મ-આચરણ એ, એ વૃક્ષના પાંદડાં છે માટે પ્રયત્નપૂર્વક પણ આ જડ-મૂળની રક્ષા (આરાધના-ઉપાસના-ભક્તિમય નિષ્ઠામય મૂલ્યલક્ષી) જો આ મૂળની મૂલ્યોની-સંસ્કારની રક્ષા કરવામાં નહીં આવે તો મૂળ-માનવતા-જો જ નાશ થઇ જશે પછી જ્ઞાન-વિદ્યા-ડિગ્રીઓ-નું શું મહત્ત્વ અર્થાત્ ડાળી-ડાંખડાં-પાંદડાંનો કોઇ જ અર્થ રહે નહી એ તો આપોઆપ સૂકાઇ નાશ જ પામી જવાનાં છે.'

કહે છે જ્યારે 'દુષ્કાળ' જાહેર કરવાની તૈયારી હોય અછતગ્રસ્ત વિસ્તાર જાહેર થવાનો હોય 'પાક' પેદા થવાની જ્યારે શક્યતા જ ન હોય ત્યારે વરસાદ આવે તો એમ કહેવાય છે કે માત્ર પશુ-પંખી માટે જ આવ્યો છે. આમ (બ્રાહ્મણની) મનુષ્યોની ભક્તિ-ઉપાસના-તપ-જપ એ બધું માત્ર પોતાની જાત માટે જ નથી પરંતુ આ સમાજમાં ભક્તિ-મૂલ્યો-સંસ્કાર ટકાવી રાખવા માટે છે 'માનવતા'નું વૃક્ષ-તેનાં મૂળીયાં સાચવવા માટે છે જેથી વિશ્વ-પૃથ્વી-જગત સચવાઇ રહે.

સુવિચાર

- જ્યાં સુધી ભાષા છે ત્યાં સુધી મન છે. ભાષાએ મનનું સર્જન છે. અંતર્યામી પાસે ભાષા નહીં, ભાવની જરૂર છે — *ઓશો*
- સંસ્કાર જ બાળકની ઓળખ છે, સંસ્કાર જ કર્મનું બીજ છે, બીજ સારૂં તો ખેતી સારી — *એસ.મહાચાર્ય*
- તમને કોઇના સગા તો ઇશ્વર બનાવે છે પરંતુ કોઇના વ્હાલા તો તમારે પોતાને જ બનવાનું હોય છે — *જનકલ્યાણ*
- આંખોની ભાષા વાંચવાની એક નજર હોય છે.. જેને લાગણીઓની કદર હોય છે. સમજી શકે છે એ જ લાગણીની ભાષા, જેને એ આંખોના આંસુઓની ફીકર + કદર હોય છે- *નીનુ મોદી*
- જીવનમાં આવતી મુશ્કેલીઓ આપણને આત્મજ્ઞાન કરાવે છે કે આપણે કઇ માટીના બનેલા છીએ — *તમિલ કહેવત*
- માણસ વિચારે અને વિચરે ત્યાં સુધી જીવે છે — *જ્ઞાનમૂલ*
- જે પ્રદેશમાં ધનિક, વૈદ, વેદઅભ્યાસી, અને મીઠા જળની નદી, આ ચાર ન હોય ત્યાં રહેવું યોગ્ય નથી — *ઉપનિષદ*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

નગરના વર્તમાનમાં ઠમણાં જ એક હિસ્સો આવ્યો વૃદ્ધાશ્રમમાં રહેતી બે દીકરા (જીવંત!) ની મા હોસ્પિટલમાં મૃત્યુ પામી. દીકરાઓ માને હોસ્પિટલમાંથી જ પરબારૂં સ્મશાન લઇ ગયા. અંતિમ ક્રિયા પણ નિર્દય રીતે જ થઇ. મા ની અણબનાવ વૃદ્ધાશ્રમમાં રહેવાના કારણમાં 'મા' નો સ્વભાવ કારણભૂત હશે - પણ પુત્રો - પુત્રવધુ શું એ અસહ્ય હશે ? નોકરી-વેપારધંધા-પડોશ-પરિવારના ઘણા લોકોના 'વ્યવહાર' આપણે સહન નથી કરી લેતા?!

એક યુવતી 'પ્રેમ લગ્ન' કરી સાસરે આવી. ધર્મ-સંસ્કાર-કૌટુંબિક વાતાવરણ સાથે માંડ સંતુલન સચવાતું પણ નણંદ-સાસુનો સ્વભાવ અસહ્ય થયો-પતિ પણ મધ્યસ્થી કરી કરી થાક્યો-આખરે પત્ની પિયર ચાલી ગઇ- પિતાએ એક ખાનગી કંપનીમાં નોકરીએ રખાવી દીધી.

ત્યાં બીજા દસ કર્મચારી હતા. એમની સાથે કૂનેહ-સંપ-સહકાર-ગમાઅણગમા સહન કરી નોકરી કરવી પડતી હતી. એક રાત્રે તેને વિચાર આવ્યો કે આવા સહકર્મચારીઓ સાથે મારે કોઇ સંબંધ નથી છતાં તેમની ટેવો-સ્વભાવ હું સહન કરૂં છું તો મારા પ્રેમાળ પતિની 'મા' ને હું કેમ સહન ન કરી શકું?

..તેણી એ પોતાના પતિ અને પરિવારને નોકરીના સ્થળે બોલાવી લીધા અને ખૂબ પ્રેમથી રાખવા લાગી. 'મા'ના સ્વભાવમાં પણ થોડી બાંધછોડ થઇ.

જો આપણે મિત્રો અને બહારના લોકો સાથે 'એડજેસ્ટ' થઇ શકીએ તો 'ઘર'નાં સાથે કેમ નહીં? થોડો ત્યાગ અને થોડી સહનશક્તિ બંને પક્ષે જરૂરી છે.

Email - sureshchandrabhatt18@gmail.com

જ્યારે જ્યારે અન્ય લોકોના સંપર્કમાં આવીએ, તેની વિચારધારાથી અવગત થઇએ તો એ પણ વિચારવું કે તે આપણને અનુકૂળ છે કે પ્રતિકુળ...

ચિત્ત - શુદ્ધિ સંસ્કાર ચિંતન

અનંત. ન. વ્યાસ

મનુષ્યના વ્યક્તિત્વના ત્રણ પાસા કે ચરણો છે. જેમાં જેમાં શરીર-મન તથા હૃદય આવે. મન માટે વિચાર તથા હૃદય માટે ભાવ શબ્દ પ્રયોજાય છે. આ ત્રણે વિભાગની શુદ્ધતા તથા અશુદ્ધતાની અસર આપણા જીવન પર પડે છે. જેના આ ત્રણે પાસા અતિ શુદ્ધ હોય તે વ્યક્તિ અખંડ-શાંતિ તથા અખૂટ આનંદનો અનુભવ કરે છે.

કોઇ પણ સાદન માટે સૌ પ્રથમ શરીરની શુદ્ધિ અતિ મહત્ત્વની છે. આપણે દેવ-પૂજા કરવા માટે સ્નાન કરી પવિત્ર થઇ બેસીએ છીએ. પણ માત્ર "સ્નાનથી ગાત્રો શુદ્ધ થાય છે. મન સત્ય વડે તથા બુદ્ધિ જ્ઞાન વડે શુદ્ધ થાય છે." આમ ઉપનિષદમાં જણાવાયુ છે. પરંતુ શરીરની સમગ્ર શુદ્ધિ એટલે શરીરમાં ઉત્પન્ન થતી તમામ પ્રકારની વિકૃતિનું વિસર્જન આપણે રોજનો અનુભવ છે કે કામ-ક્રોધ તથા ભયના આવેગના લીધે શરીરમાં કંપન થાય છે. આ કંપનનું કારણ શરીરમાં પેદા થતી ઉર્જા અથવા તો શક્તિ છે. આ ઉર્જાનો જો સદ્ઉપયોગ ન થાય તો તે વેડફાય જાય છે અને શરીરમાં અશુદ્ધિ પેદા કરે છે. સંગ્રહિત ઉર્જા વિકાર પેદા કરે. એ ન થવા દેવું હોય તો શક્તિનો સર્જાત્મક માર્ગે ઉપયોગ કરવો જોઇએ. તો જ શરીરની શુદ્ધિ જળવાય. મનમાં કોઇ પણ પ્રકારની ગંથી પૂર્વગ્રહો રાખીને પણ સાધના સંપન્ન થઇ શકતી નથી. શરીર-શુદ્ધિ પ્રાથમિક પગથિયું છે.

શરીરની શુદ્ધિ કરતાં ચિત્તની શુદ્ધિ વધારે મહત્વ ધરાવે છે. વિચારોની અશુદ્ધિ પર વધારે ચિંતન તથા મનન કરવું જરૂરી છે. વિચારોની અસર આપણા મન પર સતત થતી રહે છે. વ્યક્તિ જે પ્રકારના વૈજ્ઞાનિક આંદોલનો બાહ્ય વિશ્વમાંથી ઝીલે છે તે પ્રકારનાં જ તેનાં વાણી-વર્તન તથા આચાર બને છે. જે વ્યક્તિ સદૈવ શુભ કે સત્યનું ચિંતન કરતી હોય તેના જીવનના પ્રસંગોમાં તેનું પ્રતિબિંબ પડે છે. મહાત્મા ગાંધી સદૈવ અહિંસાનો જ વિચાર કરતાં. તેથી ઉકળતા પાણીને ઢાંખવું જોઇએ. નહિ તો નીકળતી વરાળમાં જંતુ નાશ પામે તેવું તેઓએ મહાદેવ ભાઇને કહેલું. પ્રજાના દાનમાં મળેલા તમામ ધનનો બરાબર હિસાબ રાખતા. અને મહાવીર-ત્યાગીને રાત્રે કાનનું લવિંગડુ શોધવા મોકલેલા. સતત અપરિગ્રહનો વિચાર કરનાર માટે પંસદ અને દસમાં કંઇ ફેર નથી તેમ માનનારા વલ્લભભાઇ પટેલને પાંચ અને દશમાં શું ફેર પડે તેવો પ્રશ્ન કર્યો હતો. ગુરદેવ ટાગોર સૌંદર્યના ઉપાસક હતા. તો અન્યને કદ્રુપતા ન જણય તેનો સતત ખ્યાલ રાખતા. આ ઉદાહરણો દર્શાવે છે કે વિચારોની અસર જીવનની દરેક ઘટના પર પડે છે.

આપણે મોટા ભાગે શાના વિચાર કરીએ છીએ. મોટા ભાગના વિચારો નકારાત્મક તથા અસદ તત્ત્વના હોય છે. આપણા વિચારોના માત્ર ચાર કેન્દ્રો છે. ધન, સત્તા, યશ અને કામ. આ ચાર કેન્દ્રો ફરતે આપણા વિચારો ફર્યા કરે છે. બૃદદ - આરણ્યક ઉપનિષદમાં પ્રજાપિતાના બે સંતાનો - દેવો અને અસૂરો છે. તેમ કહી શુભ તથા અશુભ તત્ત્વોના વાસ મનમાં હોય છે તેમ જણાવ્યું છે. ત્યાં પણ અશુદ્ધ વિચારો જ વધારે તથા બળવાન હોય છે તેવું સ્પષ્ટ જણાવ્યું છે. ધન કે સત્તા પ્રાપ્તિનો સતત વિચાર કરનાર છળકપટ તથા કૌભાંડ કરતાં શરમાતો નથી. સત્તાપ્રિય વ્યક્તિ હિંસક બને છે તો અતિ કામી વ્યક્તિઓ બળાત્કાર કરવામાં અગ્રેસર હોય છે. મન જો આ ત્રણ પર વારંવાર સંકલ્પ - વિકલ્પ કરે તો અશુભ વિચારોથી માંડણી થાય છે જે પતન પમાડે છે.

અશુભની જેમ શુભ વિચારો માટે પણ ત્રણ જ કેન્દ્રો છે. આના નામ છે સત્યમ્, શિવમ્, સુંદરમ્ - જે પરમાત્માનું સ્વરૂપ છે. મતલબ કે શુભ વિચારો એ જ પરમ તત્ત્વના સ્વરૂપો છે. જે વ્યક્તિ સદ્-તત્ત્વનું ચિંતન મનન કરે તેનું જીવન દિવ્ય બનતું જાય છે. જો શુભ અને કલ્યાણકારી વિચારો ચિત્તમાં કોઇ સ્પંદન ન જગાવે તો આપણી વિચારધારા પરિશુદ્ધ નથી થઇ તેમ સમજવું જોઇએ. અશુભ વિચારો બાહ્ય વિશ્વ સાથે સંબંધ જોડે છે. પણ શુભ વિચાર તો આપણા ભીંતરમાં દૃષ્ટિ ધરાવે છે. અશુભ વિચારો જીવનને અધોગામિ બનાવે છે. જ્યારે શુભ વિચારો તો ઉર્ધ્વગામી બનાવે છે. દરેક ક્ષેત્રમાં ઉન્નતિ પ્રેરક બને એછે. જો વિચારો પવિત્ર હોય તો વર્તન નમ્ર બને છે. પરિણામે વાણી-વર્તનમાં સંસ્કાર દેખાય છે. આવી વ્યક્તિ પોતાના દરેક કાર્યમાં સફળ બને છે. જીવનના નાનામાં નાની ઘટનામાં પણ તેના વિચારોના પડઘા પડતા રહે છે. વ્યક્તિ નાની-ઘટનામાં કેવી રીતે વર્તે છે તે પરથી તેના માનસનો પરિચય મળે છે. આપણે દરેક કર્મ કરતી વખતે તે શુભ છે કે અશુભ - તેવો વિચાર કરવો જરૂરી છે. શ્રીમદ્ શંકરાચાર્યજી કહે છે કે 'રોજ રાત્રે વિચાર કરવો જોઇએ કે આપણું આજનું વર્તન માણસને છાજે તેવું હતું કે પશુ જેવું?' જ્યારે જ્યારે અન્ય લોકોના સંપર્કમાં આવીએ, તેની વિચારધારાથી અવગત થઇએ તો એ પણ વિચારવું કે તે આપણને અનુકૂળ છે કે પ્રતિકુળ....

શરીરની શુદ્ધિ આ કેન્દ્રોના કાર્યો સમજી લેવાથી થાય છે. શુભ અને અશુભ - કેન્દ્રો આંતરિક રીતે સંકળાયેલા હોય છે. સત્તાનો વિચાર કરનાર - સંપત્તિ વિશે વિચારશે - કામ પરતો આકર્ષાશે જ. જ્યારે સત્યનો વિચાર કરનાર અશુભ કામ નહિ કરી શકે. તેનો અંતરાત્મા તેને ડંખ દેશે. જે પોતે સૌંદર્ય પ્રેમી હશે તે ક્યારેય કદ્રુપતાની મશ્કરી નહી કરે. તેને તો પ્રકૃતિની તમામ કૃતિમાં સૌંદર્ય જ જણાશે. તમો જો એ માત્ર એક શુભ-કેન્દ્રને પૂર્ણ સ્વરૂપે પકડી લેશો તો બાકીના બે તમારા જીવનમાં આપોઆપ ઊતરી આવશે જ. સત્યના આગ્રહીને ધર્મ પ્રેમ તથા સંપત્તિ પ્રાપ્ત થાય છે. એક રાજવી પોતાના વચનને વળગી રહ્યો - સત્યનું પાલન કર્યું તો બહાર ગયેલા તેના યશ-લક્ષ્મી-ધર્મ તમામને પાછા આવવું પડ્યું. તમારે પસંદ કરેલા કેન્દ્રની સાધના પૂર્ણ સ્વરૂપે, પુરેપુરી રીતે, જાગૃત રહી કરવાની છે. તમામ પ્રસંગે તમામ ઘટનાઓમાં અને દરેક પરિસ્થિતિમાં તમારૂં કેન્દ્ર સ્થિત મન અચલ રહેવું જોઇએ. ચિત્તની શુદ્ધિ માટે મનની અડગતા અને બુદ્ધિના નિર્ણયોની વારંવાર જરૂર પડે છે. જાગૃત તથા વિવેકશીલ વ્યક્તિ પોતાને અનુરૂપ 'સત્યમ્ - શિવમ્ કે સુંદરમ્' કેન્દ્ર પસંદ કરે છે.

આપણા વિચારો મોટા ભાગે આપણા પોતાના નથી હોતા. વિચારો બાહ્ય વિશ્વમાંથી આવતા હોય છે. આ વાતાવરણમાં વિચારોનાં પ્રવાહો કે તરંગો વહેતા રહે છે. તેમાંથી કેટલાક આપણા ચિત્તમાં પ્રવેશ પામે છે. અને જો આંતરિક અનુકૂળતા મળે તો ત્યા જ અંડિગો જમાવીને બેસી જાય છે માટે બહારના અશુભ વિચારો મનમાં ન પેસી જાય તે માટે સતત ચોકી પહેરો રાખવો પડે. કોઇ એક ચોકીદાર નિમવો જોઇએ. કારણ આપણા મગજમાં નિતનિત નવો નવો વધારાનો કચરો ભરાયો જાય છે. જો યોગ્ય રીતે સાવધાન ન રહીએ તો આપણુ મગજ વિશ્વ-વિચારોની કચરાપેટી બની જાય. આધુનિક પ્રચારના સાધનો, જેવા વર્તમાનપત્રો, ટી.વી. અને મીડિયાના અન્ય ઉપકરણો રાતદિવસ કચરો ઠાલવવાનું કામ કરે છે. જાણે અજાણે પણ આપણું ચિત્ત અશુભ અકલ્યાણકારી ઘટનાની નોંધ લે છે ને તેના વિચારો કરે છે

શું જોવું, શું ન જોવું? શું વાંચવા યોગ્ય - શું અયોગ્ય - તેનો વિવેક કેળવાય તો અશુભ-કચરાથી બચી શકાય. કાકા કાલેકકરને તેના મોટાભાઇએ અયોગ્ય વાચનથી બચવા કહેલ. નિષ્કૃત - વિચાર મનમાં દાખલ ન થઇ જાય તે માટે સતત સાવધાની રાખવી. જો કે બાહ્ય વિશ્વમાં અશુભ વિચારોની બોલબાલા છે તો સાથે થોડા સારા વિચારો પણ છે જ. શુભ વિચારો કેમ પ્રાપ્ત કરવા તે પણ જાણવું જોઇએ. પ્રકૃતિના સાનિધ્યમાં માણસ નબળા વિચાર નથી કરી શકતો. વિશાળ અને ઉદાર - પ્રકૃતિ માનવીને પણ કથર બનવા પ્રેરે છે. સતપુરૂષોનું સાનિધ્ય પણ નિમ્ન કક્ષાના વિચારથી બચાવે છે. સ્વાધ્યાય અને સત્સંગથી પણ વિચારશુદ્ધિ કેળવાય છે. સદ્ગુરૂનું માર્ગદર્શન તથા સદ્-ગ્રંથોનું વાંચન પણ મહત્ત્વના પગથિયાં છે. વિચાર શુભ હોય તો ચિત્ત શુધ્ધ થાય. ચિત્ત શુધ્ધ રહે તો સાધના સફળ બને 'ચિત્ત ચાલે તો સંસાર ચિત્ત શાંત એજ મુક્તિ.'

કોમી હિંસા અને નિયત સમુદાય સામેની હિંસા વિરૂધ્ધનો કાયદો

(ન્યાય અને નુકશાની સામે વળતર અંગેના દાવા પાત્ર જોગવાઇ)

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

કોમી તણાવના સમયે આચરવામાં આવતા અપરાધ એ કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો છે. કાયદો અને વ્યવસ્થા એ રાજય સરકારની આંતરિક અધિકાર ક્ષેત્રની બાબત છે પરંતુ કોમી હિંસા બિલ પસાર કરવાના પ્રયત્ન થતા રાજય સરકારના અધિકાર ક્ષેત્રમાં કેન્દ્ર એ દખલગીરી રૂપ કામકાજ, ખરડો પસાર કરેથી થશે અને ભારતના સમપાસ તંત્રને પણ નુકશાન રહેશે આ ખરડો પ્રથમ દૃષ્ટિએ કોમી હિંસાને રોકવાનો પ્રયત્ન રૂપ છે. પરંતુ બહુમતી સમાજ દ્વારા લઘુમતી સમાજ ઉપર આચરવામાં આવેલ હિંસાને જ અપરાધ ગણવામાં આવશે. લઘુમતી સમાજે બહુમતી સમાજ ઉપર આચરેલ હિંસાને અપરધા ગણવામાં આવેલ નથી તેમજ જાહેર સેવક દ્વારા ફરજ ભંગનો ગુન્હો બને જો તે લઘુમતી વિરૂદ્ધનો હોય પરંતુ બહુમતી વિરૂદ્ધનો હોય તો ગુન્હો બનતો નથી લઘુમતીનો કોઇ સભ્ય આવા ગુન્હાઓનો ભોગ બને તો અપરાધની વ્યાખ્યામાં આ ખરડામાં સમાવેશ કરવામાં આવેલ નથી.

કોમી ઐખલાસની બાબતમાં નકારાત્મક દિશામાં જઇ રહ્યું છે. ગુજરાત તથા ઉત્તરપ્રદેશના બનાવો બાદ કોમી હિંસા વિરૂદ્ધ બિલ પસાર કરવા કેન્દ્ર સરકારને ફરજ પડેલ છે. તેવા સંજોગોમાં ન્યાયાલય અને પ્રચાર માધ્યમોએ પોતાની ફરજ વધુ અસરકારક રીતે બજાવવાનો સમય પાકી ગયો છે. કોમી હિંસાખોરોને સજા ચોક્કસ થવી જ જોઇએ આ ખરડામાં ૧૯૮૯ ની જોગવાઇની કલમ-૮ તથા ૯ માં જણાવ્યા મુજબ કોમી હિંસા અને નિયત સમુદાય સામેની હિંસાને ગંભીર અપરાધ ગણવામાં આવેલ છે. કલોઝ ૧૦ મુજબ ઝો આવી હિંસા ભડકાવવા માટે કોઇ વ્યક્તિ નાણાકીય સહાય આપશે તો તે પણ ગુનેગાર ગણાશે કલોઝ-૧૨ માં જાહેર સેવક સમુદાયના કોઇ વ્યક્તિ ઉપર શારીરિક દમન કે અત્યાચારના કૃત્ય કરશે તો તેની વિરૂદ્ધ પણ સજાની જોગવાઇ છે. કલોઝ-૧૩ તથા ૧૪માં જાહેર સેવક અને સુરક્ષા દળો સલામતીમાં ઉણપ દાખવે તથા ફરજ અસરકારક રીતે બજાવવામાં ઉણા ઉતરે તો સજાપાત્ર ગુન્હો લાગુ પડે છે. કલોઝ-૧૫ માં જણાવ્યા મુજબ કોઇ રાજકીય કે વરિષ્ઠ નેતા તેની અંકુશ નીચેનાં સંગઠનના હોદ્દેદારોને અંકુશમાં રાખવામાં નિષ્ફળ જાય અને કોમી હિંસા ભડકાવે તો આવા નેતાઓ પણ સજાપાત્ર ગુન્હાની વ્યાખ્યાનાં ગુનેગાર ઠરે છે.

કોલી હુલ્લકો માત્ર બહુમતીના જ સભ્યો દ્વારા લઘુમતીના સભ્યો ઉપર આચરવામાં આવે છે તેવું આ ખરડામાં માનવામાં આવ્યું છે તેનાથી ઉલટુ લઘુમતીના સભ્યો બહુમતીના સભ્યો ઉપર હિંસા આચરે તો સજાપાત્ર ગુન્હો બતો નથી, જાતીય હુમલો તો જ બને જો તે બહુમતીના સભ્યો દ્વારા આચરવામાં આવ્યો હોય.

આ કાયદાનો અતંગર્ત અર્થ એવો છે કે માત્ર બહુમતીના સભ્યો જ આવા અપરાધ કરવાનું વલણ ધરાવે છે અને સજા તેઓ પૂરતી જ સીમિત છે જો આવા ખરડાનું પાલન થાય તો તેનો ગેરઉપયોગ થવાનું પ્રમાણ વધી જાય, ત્રાસવાદી ગ્રુપ પણ ત્રાસવાદને બદલે કોમી હિંસા આચરશે અને લઘુમતીને છાવરતા આ કાયદાનો લાભ મેળવી છૂટી જશે. આ કાયદાને જાતી તથા ધર્મના ભેદભાવ ઉપર વર્ગીકૃત કરવામાં આવ્યો છે.

આ ખરડામાં કોમી સંવાદિતા ન્યાય અને નુકશાની સામે વળતરની જોગવાઇ માટે બનેલી રાષ્ટ્રીય સ્તરની સત્તા ધરાવતી (૭) સભ્યોની બનેલી સમિતિની જોગવાઇ કરેલ છે. ૭ (સાત) સભ્યોમાંથી (૪) ચાર ચેરમેન, વાઇસ ચેરમેન સહિતના સભ્યો આ સમુદાયના હશે અને આ રીતે જ દરેક રાજયમાં બોડી બનશે. જો તે લઘુમતી સભ્ય સંખ્યા ધરાવતું રાજય હોય કે બહુમતી સભ્ય સંખ્યા ધરાવતું રાજય હોય દરેકને સમાન રીતે લાગુ પાડવાની ભૂલ કરવામાં આવેલ છે.

આ સમિતિને તપાસ કરવાનો, છાપા મારવાનો કોઇ પણ મકાનમાં દાખલ થવાનો, કોર્ટ કામગીરીનો રેકર્ડ રાખવાનો, મેળવવાનો અને સરકારને ભલામણ કરવાની સત્તા છે.

કેન્દ્ર કક્ષાએ આ સમિતિના સભ્યોમાં વડાપ્રધાન, ગૃહપ્રધાન, વિપક્ષનાં નેતા અને અન્ય રાજકીય પક્ષોમાંથી એક એક નેતા રહેશે.

આ કાયદા હેઠળ તપાસ વિશેષ પ્રકારની હશે કલમ ૧૬૧ મુજબ કોઇ પણ વ્યક્તિના સ્ટેટમેન્ટ રેકોર્ડ કરાશે નહી. માત્ર ૧૬૪ મુજબ ભોગ બનેલાના જ સ્ટેટમેન્ટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવશે. જે મોટી ભૂલ છે. આ સમિતિ સરકારને સંદેશાઓ અને ટેલીકોમ્યુનિકેશન ઠપ્પ કરવાના પણ કલોઝ ૪૪ મુજબ ધૃણાસ્પદ કાર્યવાહીમાં પોતાનો બચાવ કરવાનો જવાબદારી આરોપીની રહેશે. ખાસ સરકારી વકીલોની નિમણૂંક આપવામાં આવશે. જે માત્ર ભોગ બનેલાઓના જ તરફેણ કરશે, સભ્યને ઉજાગર કરવાનું કામ આરોપીનું છે. રાજયને આંતરિક અશાંત જાહેર કરવાની સત્તા પણ આ સમિતિને આપવામાં આવેલ છે. જે મુજબ કેન્દ્રને આર્ટીકલ ૩૫૫ મુજબ આવા રાજયોમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ પાડવાની છૂટ મળી રહેશે.

આ ખરડાની રાજયો માત્ર લાચારીથી જોયા કરશે અને કેન્દ્ર આ બાબતમાં પોતાનું ધાર્યું કરશે, કોમી સંવાદિતા વ્યાપથી મળે છે નહીં કે પૂર્વગ્રરયુક્ત વલણથી.

ઘાસિયા વિસ્તારો, ગૌચરો, વન વિસ્તારોનો થઇ રહેલો ઘટાડો થતાં પશુપાલનમાં પાલતું ઢોરોને છૂટા મુકીને ચરાવવાનું બંધ થવાથી વિશ્વના ઘણાં ભાગોમાં ડંગ બીટલ્સની વસતી ઘટી રહી છે

ડંગ બીટલ્સ - છાણ ઢાળિયા

ઓછા જાણીતા બહુ ઉપયોગી કીટકો

વન્યસૃષ્ટિ પરિચય

- હેમંત સુથાર

તમારી અવલોકન કરવાની વૃત્તિ સારી હશે તો તમે જોયું હશે કે, જયાં ગાય-ભેંસ જેવા ઢોરોની અવર-જવર હોય તેવા ચરિયાણ કે ગૌચર વિસ્તારોમાં પડેલાં ઢોરોનાં છાણના પોદરામાંથી કાળા રંગના ભમરા જેવા દેખાતાં કેટલાંક જીવડાઓ છાણમાંથી નાની મોટી ગોળીઓ બનાવીને પાછલા બે પગથી ધક્કો મારીને ક્યાંક લઇ જતાં હોય છે. ભમરાના કુટુંબીઓ એવા આ જીવડાઓ ભમરાની જેમ સતત ઉડવાનું પસંદ કરે છે. આવા જીવડાં નાના ચણીબોર થી લઇને જાતિઓ પ્રમાણે ટેનિસના દડા જેટલી છાણની ગોલીઓ બનાવે છે.

સંધિપાદ (આર્થોપોડા) સમુદાય, કીટક વર્ગ અને કોલીયોપ્ટેરા શ્રેણીના આવા જીવડાંઓને અંગ્રેજીમાં ડંગ કે સ્ક્રેબ બીટલ્સ (Dung or Scrab Beetles) કહેવામાં આવે છે. ગુજરાતીમાં આપણે તેને 'છાણ ઢાળિયા' કહી શકીએ. હિન્દી ભાષામાં તેમને 'ગુલરૈલા' નામથી ઓળખવામાં આવે છે.

વિશ્વમાં ડંગ બીટલ્સની ૫૦૦૦થી વધુ જાતિઓ જોવા મળે છે. તેવી વર્તણૂકને આધારે તેમને રોલ્લર્સ (Rollers), ટનલર્સ (Tunnellers) અને ડવેલર્સ (Dwellers) એમ ત્રણ પ્રકારમાં વહેંચવામાં આવ્યા છે. છાણની ગોળીઓને ગબડાવીને છાણવાળી જગ્યાએથી યોગ્ય રોકાણ સ્થળે લઇ જતી ડંગ બીટલ્સની જાતો રોલ્લર્સ તરીકે ઓળખાય છે. જયારે નટલર્સ ડંગ બીટલ્સ છાણની ગોળીઓને જમીનની અંદર કાણાં પાડીને ઉતારે છે અને અમુક જાતિઓનાં ડંગ બીટલ્સ છાણમાં જ રહે છે તેને ડવેલર્સ (રહેનારા) તરીકે ઓળખવામાં આવે છે.



રણ, વન, ખેતર અને ઘાસ જેવા પર્યાવાસમાં આ કીટકો રહે છે. વધુ ઠંડી કે વધુ ગરમી તેમનાથી સહન થતી નથી. વિશ્વના બધા જ ખંડો સિવાય એન્ટાર્કટીકામાં ડંગ બીટલ્સ જોઇ શકાય છે. આફ્રિકા, એશિયા, ઓસ્ટ્રેલિયા, રશિયા, ઉત્તર તથા દક્ષિણ અમેરિકા અને રશિયામાં તેની ઉપસ્થિતિ નોંધી શકાય છે.

મુખ્યત્વે કાળા રંગના ચમકતાં આ જીવડાઓ લીલા કે પર્પલ રંગમા જોવા મળે છે. ખાસ કરીને તૃણાહારી અને માંસાહારી પ્રાણીઓની ઢગાર કે મળ પર જ પૂર્ણ રીતે નભતાં આ જીવડાઓની ઘ્રાણેન્દ્રિય અતિ તીવ્ર હોય છે. છાણને તે ગંધની મદદથી જ શોધી કાઢે છે. પોતાના કદ કરતાં ૧૦ ગણા મોટા કદની છાણની ગોળી બનાવી શકે છે. તેમના શરીરમાં વજન કરતાં ૫૦ ઘણાં વજનની છાણની ગોળી ઘકેલી શકે છે. અમુક પ્રકારના ડંગ બીટલ્સ તેમના શરીરના વજન કરતાં ૧૧૪૧ ઘણું વધારે વજન હોય તેવી છાણની ગોળીઓ પણ એક જગ્યાએથી બીજી જગ્યાએ ખસેડી શકે છે. સામાન્ય રીતે નર અને માદા જોડીમાં રહીને છાણની ગોળી બનાવે છે. નર પાછલા પગે ઊંધા મોઢે ગોળીઓ ધક્કા મારીને લઇ જાય છે. માદા સાથે રહીને દેખરેખ કરે છે અને ક્યારેક નરને ધકેલવામાં મદદ રૂપ પણ બને છે. આવી છાણની ગોળીઓ પોંચી જમીન હોય તેવા ભાગોમાં લઇ જઇને માટી નીચે તેને દબાવી દે છે. ત્યારબાદ પુરતી છાણની ગોળીઓ એકઠી થઇ ગયા પચી નર અને માદા સંવનન કરે છે. માદા ત્યારબાદ છાણની ગોળીઓમાં ઇંડા મુકે છે. આ કીટકોમાં સંપૂર્ણ રૂપાંતર થાય છે. ઇંડામાંથી નીકળેલી લાર્વા (ઇંયળો) છાની ગોળીમાંથી ખોરાક મેળવે છે અને મોટી થાય છે. નર-માદા ડંગ બીટલ્સ બચ્ચાં પુરતાં પુખ્ત ન થાય ત્યાં સુધી તેમની સાથે રહે છે.

થોડા સમય અગાઉ આફ્રિકન ડંગ બીટલ્સ બાબતે એક રહસ્યમય એક વાતે જાણવા મળી કે ડંગ બીટલ્સ રાત્રે આકાશગંગા, તારામંડળો અને ચંદ્રના પ્રકાશની મદદથી તેમની દિશા શધીને અવર-જવર કરવાની ક્ષમતા ધરાવે છે. અંધારી રાત્રે આ રીતે રસ્તો સોધનારા આવા ડંગ બીટલ્સ જીવડાં સિવાય વિશ્વના અન્ય કોઇ જીવ વિશે કોઇ આધારભૂત માહિતી હજુ સુધી આપણને મળી નથી.

છાણ-ઢગાર કે મળ એટલે કચરો તેવું આપણે ગણીએ છીએ પરંતુ ડંગ બીટલ્સ જેવા કરોડો જીવો તેના પર નભે છે. તેનાથી સમજી શકાય છે કે કુદરત રચિત પોષણ કડી કે આહાર સાંકળમાં કશું જ નકામું નથી. છાણમાં ઢોરો દ્વારા બિન ઉપયોગી મુક્ત કરાયેલા પોષક તત્ત્વો ડંગ બીટલ્સ ઉપયોગમાં લે છે. છાણને જમીનમાં ભેળવીને જમીન ફળદ્રુપ અને પોષણ તત્ત્વોયુક્ત બનાવે છે. ઢોરોના છાણના પોદરા કે ઢગાર જો નકામી રીતે પડી રહે તો માખીઓ જેવા હાનિકારક જીવાતોથી રોગચાળો ફેલાઇ શકે છે. તેને કાબુમાં રાખવામાં ડંગ બીટલ્સ મદદરૂપ બને છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)